॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

Page: 01

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● કારતક સુદ-૬ ● તા. ૨૦-૧૧-૨૦૨૦ ● શુક્રવાર SDP NO: 216 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

સુરત ના કડોદરા નગર ના પાટીદાર દ્વારા જિલ્લા વડા નું અભિવાદન.. રાજકીય મિશન

કચ્છ કડવા પાટીદાર સમાજ ના મોભી એવા ભાણજીભાઈ પોકાર, સમાજ ના પ્રમુખશ્રી માવજીભાઈ, ઉપ પ્રમુખશ્રી ખીમજીભાઈ અને ટ્રસ્ટીશ્રી ગૌરાંગ ભાઈ તેમજ મહિલા સભ્ય ચેતનાબેન સાંખલા સાથે આજે ભાજપ સુરત જીલા પ્રમુખશ્રી પદે નવનિયુક્ત એવા યુવા સંદીપભાઈ દેસાઈ ની વરણી નો અભિવાદન કાર્યક્રમ બારડોલી મુકામે વિશાળ જનમેદની વચ્ચે આજે લાભપાંચમ નિમિતે રાખવામાં આવેલ.. આજના અભિવાદન કાર્યક્રમ માં ગુજરાત ભાજપ પ્રમુખશ્રી સી.આર.પાટીલ સાથે કેબિનેટ મિનિસ્ટર ગણપતભાઈ વસાવા, ઈશ્વરભાઈ પરમાર શોભાયાત્રા માં સાથે જોડાયા હતા. અન્ય ધારાસભ્ય એવા મુકેશ ભાઈ પટેલ ઓલપાડ, વી.ડી.ઝાલાવડીયા કામરેજ, ઝંખનાબેન પટેલ સુરત ની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. સંદીપભાઈ દેસાઈ નો પુરા પરિવાર નું કકપા સમાજ દક્ષીણ ગુજરાત ના પ્રમુખશ્રી એવા ભાણજી ભાઈ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું. સી.આર.પાટીલ ની ટીમ ને મળેલ પેટા ચૂંટણી ની નાના કર્યાકર સુધી ની કામગીરી અને સિસ્ટમ ની વાત સંદીપભાઈ દેસાઈ દ્વારા કહેવામાં આવી અને આગામી જિલ્લા અને તાલુકા લેવલ ની આવનાર પંચાયતી ચૂંટણી માં હાલ માં સુરત જિલો મોખરે છે તેમ આ વખતે પણ મોખરે રહેવાની સહુ ને હાકલ કરી.. કકપા સમાજ ઓલપાડ સાયણ ના ભાજપ ના સક્રિય કાર્યકર એવા ભક્તિ બેન પોતાની ટીમ સાથે ખાસ ઉપસ્થિત રહેલ.. બારડોલી ના નગરજનો વિશેષ રેલી કાઢી ને સાંસદ અને ધારાસભ્યો નું સરદાર ના આવાઝ એવું બારડોલી વતી પુષ્પો દ્વારા સ્વાગત કરવામાં આવેલ.. કડોદરા નગરપાલિકા ના મોટી સંખ્યામાં ભાજપ ના કાર્યકરો જિલ્લા ભાજપ યુવા મોરચા ના પ્રમુખ અને નગરપાલિકા કારોબારી અધ્યક્ષ અંકુર દેસાઈ ના નેતૃત્વ માં ખૂબ સંખ્યા માં ઉત્સાહ પૂર્વક જોડાયા હતા..

ભારત રાષ્ટ્ર ને કોરોના થી સુરક્ષિત રાખવા સહુ ને માસ્ક પણ એનાયત કરવામાં આવેલ.. સહુ માટે અલ્પાહાર ની વ્યવસ્થા પણ કરવામાં આવેલ અને આજે લાભ પાંચમ ના પવિત્ર નુતનવર્ષ થી ભાજપ ની જિલ્લા ના વડા સંદીપભાઈ દેસાઈ દ્વારા કાર્ય જવાબદારી સ્વીકૃતિ કરવામાં આવી હતી.. એક નાના કાર્યકર તરીકે ૧૯ વર્ષ થી જ ભાજપ ના કાર્ય સાથે જોડાયેલ ખેડૂત પુત્ર સંદીપભાઈ સુરત ડિસ્ટ્રીક કો.ઓ.બેંક ના અને સરદાર શાકભાજી માર્કેટ સુરત ના ઉપ પ્રમુખ પદે પણ સુંદર જવાબદારી નિભાવે છે. કડોદરા નગરપાલિકા ભાજપ પાર્ટી સંઘઠન માં કકપા ના યુવા કાર્યકર લલિત પોકાર અને ભાવેશ છાભૈયા સક્રિય છે તેમજ કોર્પોરેટર તરીકે કિશોરભાઈ પોકાર અધિક જવાબદારી સાથે કાર્યરત છે. કડોદરા માં સખી મંડળ માં મહિલા કાર્યકરો સક્રિય છે અને સ્વામીવિવેકાનંદ યુવા મંડળ માં કકપા યૂથ કલબ ના કાર્યકર ઉત્તમ કામગીરી કરી ને રાષ્ટ્રીય ફરજ એદા કરે છે..

આજ રોજ લાભ પાંચમ ના બારડોલી ખાતે સુરત જિલ્લા ના નવા નવ નિયુક્ત પ્રમુખ શ્રી સંદીપભાઈ દેસાઈ નું સન્માન કરતા ઓલપાડ તાલુકાના ભા.જ.પ મહિલા મોરચા ના પ્રમુખ શ્રીમતી ભક્તિ બેન પટેલ ગોરાણી તેમજ તેમની ટીમ સાથે ધારાસભ્ય મુકેશભાઈ પટેલ. ભક્તિબેન કરમલા ગામ ના સરપંચ પદે પણ સેવા આપે છે. એક શિક્ષિકા ની ફરજ પણ બખૂબી નિભાવે છે અને સુંદર ગૃહિણી તરીકે પણ તમામ ફરજ અદા કરે છે...





૦૮ પેટા વિધાનસભા ના વિજેતા ભાજપ ના ધારાસભ્ય નો સપાઠગ્રહણ આજે લાભપાંચમ ના ગાંધીનગર માં કરવામાં આવેલ..

અબડાસાના ૦૧ ના ધારાસભ્ય તરીકે પ્રદ્યુમનસિંહ જાડેજાએ શપથ ગ્રહણ કરી ને બીજી ઇનિંગ માટે ભાજપા નો ખેસ પહેરી વિધાનસભા માં પ્રવેશ

લાભપાંચમ નો કર્યો કાર્ય પ્રારંભ

આજે ગાંધીનગર ખાતે શપથ વિધિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિતના અગ્રણીઓ રહ્યાં હાજર

યજ્ઞ થેરાપી દ્વારા રોગ નિવારણ કેમ્પ

સંયોજક- મહેન્દ્ર સેંઘાણી મુંબઈ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ મુંબઈ યોગ વિભાગ દ્વારા સંચાલિત ઘાટકોપર પાટીદાર વાડીમાં અસાધારણ રોગોને યજ્ઞ દ્વારા સારવાર કરવાનું આજે ઉદ્ઘાટન કરવામાં આવ્યું તેમના મુખ્ય અતિથિ હતા ડો. તારસિંહ (એમ ડી આયુર્વેદિક રત્ન) પી.એચ.ડી ચિકિત્સક અને પતંજલિ યોગપીઠ હરિદ્વાર દ્વારા અને આ આખા ભારતનું પહેલું સેન્ટર છે જે યોગ શિક્ષક થી આ પતંજલિ યોગપીઠ દ્વારા આપવામાં આવ્યું છે. અહીં સેન્ટરની અંદર યોગ વિભાગ શ્રી નરસિંહભાઈ દડગા અશ્વિનભાઈ કોઠારી અને અન્ય યોગ શિક્ષક દ્વવારા ચલાવવામાં આવે છે.

શ્રી કચ્છી કડવા જ્ઞાતિ ટ્રસ્ટ ના ટ્રસ્ટીઓ નો આભાર માને છે કે જેવો એ આ સમાજ ની વાડી ભવન માં એક રૂમ ફાળવણી કરી જેમાં રિસર્ચ સેન્ટર પણ થઈ રહ્યું છે. અસાધારણ બીમારી દૂર કરવાનું કામ આ સેંટર દ્વારા જનતા ના લાભમાં આજરોજથી શરૂ કરવામાં આવ્યું.

ઘાટકોપર સમાજ ના પ્રમુખશ્રી પ્રકાસભાઈ માવાણી અને હેલ્થ મેન્જેમેન્ટ ના ઉત્સાહી મહેન્દ્ર ભાઈ સેંઘાણી ની ખાસ ઉપસ્થિતિ રહી..

સાબરકાંઠા - અરવલ્લી પંથકમાં કોરોના નો આતંક ..

કોરોના અને કોવિડ ની બેલડી નું બેશરમ નૃત્ય નું રીતસરનું પ્રદર્શન થઈ રહ્યું હોય તેવો માહોલ ધનસુરા,મોડાસા, બાયડ, હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, ઇડર વિસ્તારમાં સર્જાયો છે. કોવિડ-કોરોના ની બેટિંગ નો આ લગભગ ત્રીજો રાઉન્ડ દિવાળી ની સીઝનમાં ચાલી રહ્યો છે. ટી ટાઈમ પછીની બેટ્સમેનો ની આક્રમક બેટીંગ ની માફક કોરોના નો આતંક મોટા ગામડાઓમાં તો ફળિયે ફળિયે હવે તો જોવા મળી રહયો છે...લોકોમાં રીતસર નો ડર નો માહોલ ઉભો થયો છે. તકેદારીના પગલાં રૂપે સરકારી તંત્ર દ્વારા નાગરિકોને સાવચેતી રાખવા અને બિનજરૂરી ઘરની બહાર ન નીકળવાના સૂચનો પણ થઈ રહ્યા છે...

દક્ષીણ ગુજરાત માં પણ કોરોના હવે તો કોરોના ખબર જ ન પડે એમ આખા ઘર ની વિકેટ ને હિટ કરે છે.

કામરેજ વિસ્તાર ના કકપા પરિવાર માં જાણકારી મુજબ એક સાથે ૦૮ વ્યકતિ પોઝિટિવ આવ્યા ના રેપોર્ટ છે.

સુરત માં પણ અનેક ઘર માં ટેસ્ટિંગ કરતા પોઝિટિવ ના રિપોર્ટ મળતા તે વ્યક્તિ દ્વારા દિવાળી માં મળેલ તમામ ને જાગૃત કરવામાં આવ્યા છે.

ફરીથી લોકડાઉન ના કરવું પડે તેની જવાબદારી તંત્ર ની નહીં પ્રજા ની છે...

વિનર્સ વર્કશોપ ૨૦૨૦

શ્રી પાટીદાર યુવક મંડળ, મુંબઇ તથા અ. ભા. ક. ક. પા. યુવા સંઘ, મુંબઇ રિજિયન દ્વારા વિધાર્થી ઓને પ્રોત્સાહન આપવા તા.૧૩ ડિસેમ્બર ૨૦૨૦ ના ઘાટકોપર વાડીમાં વિનર્સ વર્કશોપ ૨૦૨૦નો કાર્યક્રમ રાખેલ છે. જેમાં આ વર્ષે સરકાર શ્રીના નિયમો અનુસાર વહેલા તે પહેલા ધોરણે ૧૦૦ વિદ્યાર્થીઓને લેવામાં આવશે.

રજિસ્ટ્રેશન કરવા ની તા. ૨૦-૧૧-૨૦૨૦થી તા.૩૦-૧૧-૨૦૨૦સુધી રહશે.

રજિસ્ટ્રેશન ફોર્મની લિંકઃ

https://forms.gle/UebgT8DQQJHnkTmu6

લિ. એજ્યુકેશન સમિતી,
શ્રી પાટીદાર યુવક મંડળ,મુંબઇ.

વાવડ આસપાસ ના...

૨૩ નવેમ્બરથી સ્કૂલ-કોલેજ શરૂ નહીં થાય...
શાળા કોલેજ શરૂ કરવાનો નિર્ણય મોકૂફ
વધતા કોરોના સંક્રમણ વચ્ચે શિક્ષણ વિભાગનો મોટો નિર્ણય..

ભુજના દેશલપર વાંઢાય અકસ્માતમાં એક નું મોત
દેશલપર ગામની પાસે ગાડી પલ્ટી મારી જતા સર્જાયો અકસ્માત
અકસ્માતમાં ૨ વ્યક્તિને ઇજાઓ પહોંચી
ઘાયલોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા

ભુજ જથ્થાબંધ બજારમાં લાભ પાંચમ નિમિતે વજન કાંટા પૂજન કરાયું
લાભ પાંચમના દિવસે આજે સવારના કરાયું પૂજન.
ભુજના ધારાસભ્ય નીમાબેન આચાર્ય, વેપારીઓ અને વિવિધ અગ્રણીઓ રહ્યા હાજર..

શાનદાર અંક પ્રાપ્ત થઈ ગયો...

પહેલા કરતા વધારે સાવધ રહો

★ ફક્ત અને ફક્ત સ્વ રક્ષણ એ એકમાત્ર રસ્તો છે... કુટુંબના બધા સભ્યો કૃપા કરીને નોંધોઃ

★ ૦૧ ખાલી પેટ ન હોવું જોઈએ

★ ૦૨ ઉપવાસ ન કરો

★ ૦૩ કલાક એક કલાકની તડકો

★ ૦૪ એરકન્ડિશન્ડ નો ઉપયોગ કરશો નહીં

★ ૦૫ ગરમ પાણી પીવો, ગળું ભીનું રાખો

★ ૦૬ નાકમાં મસ્ટર્ડ તેલ લગાવો

★ ૦૭ ગૂગલને ઘરેલુ કપૂરમાં બાળી ધૂપ કરવો

★૦૮ દરેક શાકભાજીમાં અડધો ચમચી સૂંઠ નાખવી

★ ૦૯ તજનો ઉપયોગ કરો

★૧૦ એક કપ દૂધમાં અડધી ચમચી હળદર પીવો

★ ૧૧જો શક્ય હોય તો, એક ચમચી ચ્યવનપ્રાશ ખાઓ.

★ ૧૨ કપૂર અને લવિંગને ઘરમાં ઉમેરો અને ધૂપ કરવો

★ ૧૩ સવારે ચામાં લવિંગ પીવો

★ ૧૪ ફળોમાં માત્ર નારંગીનો જ ઉપયોગ કરવો

★૧૫. આમળાને કોઈપણ સ્વરૂપમાં અથાણું, જામ, પાવડર વગેરે ખાવા જોઈએ.

જો તમે કોરોનાને હરાવવા માંગતા હો, તો કૃપા કરીને આ બધું કરો.

દૂધમાં હળદર તમારા શરીરમાં રોગપ્રતિકારક શક્તિ વધારશે.

હું સહુ ને સનાતન ધર્મ પત્રિકા ના માધ્યમ થી અપીલ.કરું છું..

સ્વસ્થ રહો.. બેદરકાર ના રહો.. સજાગ રહો..
યુવાસંઘ પ્રમુખશ્રી.
ડો. વસંત ધોળું, તલોદ.

વિશ્વ પુરુષ દિવસની શુભેચ્છાઓ. internationl Mens Day



પુરુષ એટલે સાત રંગમાં ફેલાયેલું સ્ત્રીનું આકાશ...!!!

એક સ્ત્રી માટે પુરૂષ શું હોય શકે? પતિ-પ્રેમી-પિતા કે દોસ્ત?

એનાં સંતાનનો પિતા? એનાં નામની પાછળ લખાતું દિવાલ જેવું અડીખમ નામ? એક દોસ્ત-જે પ્રેમી બન્યો અને પછી પતિ? હાથમાં દર મહિને આવી જતી ઘર-ખર્ચની રકમ? સો લિટેરની ગિફ્ટ? લાઇફ ઇન્સ્યોરન્સ, મેડિક્લેમનાં પ્રિમિયમ્સ વચ્ચે વહેંચાઇ જતો, ઘર-ઓફિસની લોનનાં હપ્તા વચ્ચે ખર્ચાઇ જતો, મ્યુચ્યુઅલ ફંડ કે શેર માર્કેટમાં તમારા નામે રોકાણ કરતો અને તમને સલામતી આપી શકે એટલે કમાયેલું ઘર-ઓફિસ તમારા નામ પર કરી દેતો એક મર્દ?

પુરૂષ એક મેઘધનુષ છે. એની પાસે સાત રંગ છે અને આ સાત રંગ દ્વારા એ તમારા જીવનમાં ઢગલેબંધ રંગો ઠાલવી દે છે.

સલામતી, સ્વીકૃતિ, સહકાર, સંવેદના, સમર્પણ, સંગાથ અને સંવાદ.

પોતે ખરીદેલા ઘરની ચાર દિવાલોમાં ટાઇટ સિક્યોરિટી વચ્ચે પણ સ્ત્રીને સલામતી મહેસૂસ નથી થતી. પણ પુરૂષની પહોળી છાતી વચ્ચે એ પોતાની જાતને સૌથી વધારે સલામત મહેસૂસ કરે છે. સ્ત્રી સલામતી ઝંખે છે અને પુરૂષ લાગણીઓથી શરૂ કરીને લગ્ન સુધીની તમામ સલામતી એને આપી દે છે.

પોતાનું ઘર-ઓફિસ સ્ત્રીનાં નામે ખરીદતા એને ક્યારેય એવો વિચાર નથી આવતો કે એ એને દગો દઇને જતી રહેશે તો? એ સલામત થવામાં નહીં પણ સલામતી આપવામાં માને છે.

સ્ત્રી જેટલી સરળતાથી સ્વીકાર કરી શકે છે એનાં કરતાં પણ પુરૂષો માટે કોઇપણ વાતનો, કોઇપણ પરિસ્થિતિનો સ્વીકાર વધારે સહેલો હોય છે. પતિની નાની-નાની કુટેવોને ગાઇ-વગાડીને કહેવામાં પત્નીઓ માહિર હોય છે પણ પત્નીની નહીં ગમતી વાતોને પતિ છાતીની બહાર ક્યારેય નીકળવા નથી દેતો. બદલી નાંખવાનો આગ્રહ કે એનો વિરોધ કર્યા વિના એ સ્વીકારી લેતો હોય છે.

સહકાર. પુરૂષોનો આ સૌથી મોટો ગુણ છે. બીજી સ્ત્રીને સહકાર આપવાની વાત આવે ત્યારે સ્ત્રી પીછેહઠ કરી લેતી હોય છે-પુરૂષ આવું કરતો નથી. એની પાસે ભૂરપૂર સંવેદના હોય છે-સવાલ એટલો જ છે કે એ રડીને, કકળાટ કરીને, ટોન્ટ મારીને એને વ્યક્ત નથી કરતો. એક દિવાલ પર વેલ વીંટળાયેલી હોય એવી જ રીતે એની પહોળી છાતીને સંવેદનાઓ વીંટળાયેલી હોય છે.

એ પૂરેપૂરો સમર્પિત હોય છે. સ્ત્રી અનેકવાર એવું કહેતી હોય છે-આ બધું છોડીને ક્યાંક ભાગી જવું છે. પુરૂષ ક્યારેય આવું બોલતો નથી. એ વિના બોલ્યે જવાબદારીઓ નિભાવી લે છે.

એ સંગાથ અને સંવાદ બેઉમાં માને છે. સડી ગયેલા લગ્નજીવનમાં શ્રધ્ધા રાખીને છેલ્લે સુધી સંગાથ જાળવી રાખે છે. સ્ત્રી અબોલા લઇ શકે છે-પુરૂષ માટે અબોલા સહેલા નથી હોતા. એનો ગુસ્સો ઓગળી જાય પછી સંવાદ એનાં માટે શ્વાસ જેટલો જરૂરી થઇ જતો હોય છે.

મેઘધનુષ દેખાય એના માટે માપસરનો વરસાદ જોઇએ.

ઇન્ટરનેશનલ મેન્સ ડે પર દરેક પુરૂષને એનું મેઘધનુષ દેખાય શકે-એટલો વરસાદ મળી રહે એવી લાભપાંચમ ની શુભેચ્છા.

રજાઓ ખર્ચાઈ ગઈ
અને જિંદગી જીવાઈ ગઈ...
થોડાક જ કલાકો ની હતી દિવાળી,
સોશીયલ મીડિયામાં જ ઉજવાઈ ગઈ..

અને બે દિવસ થી સમાચાર પત્રો બંધ હોતાં વાંચનની ભૂખ પણ પરાકાષ્ઠા એ હતી, આવા સમયે લાભપાંચમ ની વહેલી સવારે સનાતન ધર્મ પત્રિકા એ આવી ભીડ ભાંગી. અંક ની આકર્ષક સજાવટે મન મોહી લીધું. વાંચવા ની વાત જવાદો, એક એક પાના ને જોવામાં ખાસો સમય લાગ્યો. અંકને જોઈ મન પ્રફુલ્લિત થઈ ગયું.

ખરેખર સંયોજકોએ કરેલી મહેનત લેખે લાગી. એમાં જરાપણ અતિશયોક્તિ નથી માટે આવા સુંદર સંકલન માટે કાર્યકરોને ખૂબ ખૂબ ધન્યવાદ સાથે અભિનંદન...

સુંદર સજાવટ હજુ જ જોઇ છે, વાંચવા નું તો બાકી છે..

માટે લેખકો, સંકલન કર્તાઓ ને અભિનદન આપવા નું બાકી રાખું છું. ફરી ફરી સૌને ધન્યવાદ.....

કા.વા.રામાણી... કોટડા કચ્છ

અવસાન નોંધ

તારીખ : ૧૮/૧૧/૨૦
સ્વ. મણીબેન ડાયાભાઈ ધોળુ, ઉ. વર્ષ ૬૮
ગામ - દુજાપર કચ્છ, ઈકબાલગઢ, હાલે પુણે.
સ્વઃ નથુભાઈ રવજીભાઈ પોકાર, ઉમર વર્ષ ૭૦
કચ્છ માં ગામ નેત્રા, હાલે ઔરંગાબાદ.
સ્વં નાનજી ભાઈ રતનસી ભાઈ માવાની, ઉમર ૭૬
કચ્છ ગામ ઘડાણી, હાલે સરીગામ.
તારીખ : ૧૯/૧૧/૨૦
સ્વઃ રામજીભાઈ મેઘજીભાઈ કેશરાણી (છાભૈયા), ઉમર વર્ષ. ૭૮
ગામ :- નખત્રાણા (નવાવાસ).
સ્વ. પુષ્પાબેન કરમશી વાસાણી, ઉમર : ૯૮ વર્ષ
કચ્છ : નવાવાસ - રવાપર, હાલે : કોટા રાજસ્થાન.
સ્વ. મુળજી ખેતશી ધોળુ, ઉમર : ૬૮ વર્ષ
કચ્છ : સાંયરા.
સ્વ. પરબત હંસરાજ છાભૈયા, ઉમર : ૭૧ વર્ષ
કચ્છ : લક્ષ્મીપર, હાલે : નાશિક.

સાઉથ ઑસ્ટ્રેલિયા માં પણ લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે આજે...